

**મોડાસામાં લઘુમતી સમાજે કોલેજ રોડ પર ૨ કિ.મી. માનવ સાંકળ રચી આસિફાના ન્યાય માટે માંગ**

રોડ પર રવિવારે સવારે મોટીસંખ્યામાં લઘુમતી સમાજના અગ્રણીઓ,યુવાનો અને બાળકોએ રોડ ની બંને બાજુએ શાંતિપૂર્ણ રીતે ૨ કી.મી.લાંબી માનવ સાંકળ રચી વિવિધ બેનરો,મોં પર અને હાથપર કાળી પટ્ટીઓ ચોંટાડી મૌનધારણ કરી જમ્મુ કાશ્મીરના કઠુઆમાં ૮ વર્ષની આસિફા નામની બાળકીનું અપહરણ કરી નશીલી દવાઓ પીવડાવી જે રીતે નરાધમતા આચરવામાં આવી તે ભલભલાનું કાળજું કંપાવી દે તેવી ઘટના અને યુ.પી ના ઉન્નાવ માં સગીરા પર કરવામાં આવેલા ગેંગરેપની ઘટના સહીત દેશમાં ખૂણે ખૂણે બનતી બળાત્કારની અગણિત ઘટનોમાં સંડોવાયેલા નરાધમોને શખ્ત સજા મળે અને બળાત્કારની ઘટનાઓ રોકવા માટે સરકારે શખ્ત પગલાં લેવામાં આવેની માંગ કરી હતી રોડની બંને બનું માનવસાંકળ રચાતા અને શાંતિપૂર્વકના વિરોધથી અહીંથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ પણ સરાહના કરી હતી.

# ઊંઝામાં વધુ ઘરફોડ, દાગીના સહિત ચાર લાખની ચોરી

ઊંઝા, તા. ૧૫

ઊંઝા શહેરના પાટણ રોડ પર આવેલી જયકૃષ્ણ કો.ઓપ. હાઉસીંગ સોસાયટીના મકાનમાં રાત્રિના સમયે કોઈ તસ્કરો આવી ઘરની પાછળની જાળીનો નકુચો તોડી બેડરૂમની લોખંડની જાળીનો સ્ક્રૂ ખોલી ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ ચાર લાખ પંચાવન હજારના મત્તાની ચોરી કરી લઈ જવાનો ચોંકાવનારો બનાવ બનતા આ વિસ્તારની સોસાયટીના રહીશોમાં ભય સાથે ચિંતા ફેલાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ઊંઝા શહેરના પાટણ રોડ પર આવેલી જયકૃષ્ણ કો.ઓ. હાઉસીંગ સોસાયટીના મકાનમાં રહેતા પટેલ કરણકુમાર શૈલેષભાઈ વિસનગર ખાતે આરએન્ડબી વિભાગમાં આસીસ્ટન્ટ એન્જીનીયર તરીકે ફરજ બજાવે છે. જેઓના એકાદ માસ અગાઉ જ લગ્ન થયેલા હોઈ લગ્નનો સરસામાન તથા સોના-ચાંદીના ઘરેણા ઘરમાં મુક્યા હતા. જેમાં ગઈકાલે રાત્રીના તેઓ પરિવાર સાથે બેડરૂમમાં સુઈ રહ્યા હતા તે દરમિયાન મધરાત બાદ કોઈ તસ્કરો આવી ઘરની પાછળની જાળીનો નકુચો તોડી બેડરૂમની લોખંડની જાળીના સ્ક્રૂ તોડી ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ ચાર લાખ પંચાવન હજારના મત્તાની ઘરફોડ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. વહેલી સવારે ઘરની પાછળની જાળીનો નકુચો તુટેલો જોઈ ચોરી થયાનુ જણાતા સ્થાનિક પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.



**મોડાસા ખાતે દેશમાં બળાત્કારની ઘટનાઓના વિરોધમાં કોંગ્રેસની કેન્ડલ માર્ચ**

જમ્મુ કાશ્મીરના કઠુઆમાં ૮ વર્ષની બાળકીનું અપહરણ કરી નશીલી દવાઓ પીવડાવી જે રીતે નરાધમતા આચરવામાં આવ્યો તે ભલભલાનું કાળજું કંપાવી દે તેવી ઘટના અને યુ.પી.ના ઉન્નાવમાં સગીરા પર કરવામાં આવેલા ગેંગરેપની ઘટનાઓથી એક વખત ફરીથી મહિલાઓ વિરુદ્ધ અપરાધના કિસ્સાથી આક્રોશ વ્યાપી રહ્યો છે અને દેશની મહિલાઓ અને યુવતીઓ અસલામતીનો અહેસાસ અનુભવી રહી છે. બળાત્કારની ઘટનાઓના વિરોધમાં અને ભાજપ સરકારની આરોપીઓ સાથે મીલીભગતને અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ અને મોડાસા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વિરોધ પ્રદર્શન કરી સખ્ત રીતે વખોડી કાઢી શુક્રવારે સાંજે મોડાસા શહેરના ચાર રસ્તા પર કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી. જેમાં શહેરના પ્રમુખ ઈકબાલ હુસેન ઈપ્રોલીયા, મોડાસા નગરપાલિકા વિરોધપક્ષના હુસેનભાઈ ખાલક, તારિક બાંડી, સાજીદ બાંડી, નગર સેવક કલાબેન ભાવસાર, મહામંત્રી આનંદ પરમાર, અમિતભાઈ મકવાણા અને કોંગ્રેસના નગરપાલિકાના કોર્પોરેટરો અને મુસ્લિમ અગ્રણીઓ સહીત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લામાં વિશ્વ હિન્દુ પરિષદના જીલ્લાના તમામ પદાઅધિકારીઓના રાજીનામાં આપ્યા

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના વિશ્વ



હિન્દુ પરિષદના તમામ પદા અધિકારીઓ દ્વારા પ્રવિણ તોગડીયા ના સમર્થન માં અડધી રાતે રાજીનામાં આપ્યા રાજીનામાં ની કોપી લઈને કેટલાક કાર્યકરો સવારે અમદાવાદ સંઘ ની ઓફિસે રવાના થયાં.

વિશ્વ હિન્દુ પરિષદ માંથી પ્રવિણ તોગડીયા ની ૩૨ વર્ષ બાદ અચાનક અનધારી વિદાય થતાં સાબરકાંઠા જિલ્લાના વિશ્વ હિન્દુ પરિષદના તમામ પદા અધિકારીઓ તથા જિલ્લાના તમામ પ્રખંડ અને હોદ્દેદારોએ એક સાથે પ્રમુખ મંત્રી સહિત ૨૨ જેટલાં અડધી રાત્રે રાજીનામાં ધરી દીધાં છે તો સાથે કાર્યકરોએ પણ હિન્દુત્વ ની જોડે રહેવાનું કહી ભારત માતા કી જય, જયશ્રી રામ, હિન્દુરાજ ઝીંદાબાદ જેવાં નારા સાથે પ્રવિણભાઈ ની સાથે છીએ જણાવ્યું હતું તો આજે સાબરકાંઠા વિભાગના કેટલાક પદાઅધિકારીઓ સુનિલદાસજી મહારાજ, નટુભાઈ બારોટ, અલ્પેશભાઈ રાવલ, પ્રસારાજા, ગોવિદભાઈ પટેલ, સુનિલભાઈ કડીયા સહિત કેટલાક કાર્યકરો અમદાવાદ ખાતે સંઘની ઓફિસ ખાતે સામુહિક રાજીનામાંની નકલ લઈને આપવાં રવાના થયાં હતાં.

## હિંમતનગરમાં ૧૮ એપ્રિલે શ્રી શ્રી યોગાનું આયોજન

માનવીની માનસિક શક્તિમાં વધારો થાય અને આંતરિક શક્તિ વધે તથા શરીરમાંથી ઝેરી તત્વોનો ઘટાડો થાય તે માટે આસન, પ્રાણાયામ, ધ્યાન અને આર્યુવેદ તથા અર્વાચિન યોગના મિશ્રણ સમાન શ્રી શ્રી યોગાનું હિંમતનગરમાં આવેલ સુર્યોદય પાર્ટી પ્લોટ ખાતે તા. ૧૮ થી ૨૨ એપ્રિલ ૨૦૧૮ દરમિયાન સવારે ૫.૩૦ થી ૭.૩૦ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે.

# ધાનેરામાં દલિત સમાજે ઉત્સાહ સાથે બાબાસાહેબની જન્મ જયંતિ ઉજવણી કરી

૧૪ મી એપ્રિલ એટલે ભારત ના બંધારણ ઘડવૈયા બાબા



સાહેબ આંબેડકર ની જન્મ જયંતિ છે અને આજે ૧૪ મી એપ્રિલ ના દિવસે સમગ્ર ભારત માં ધામધૂમ થી બાબા સાહેબ ની જન્મ જયંતિ ની ઉજવણી થઈ રહી છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં દલિત સમાજ દ્વારા રામદેવપીર ના મંદિર થી વિશાલ શોભાયાત્રા નીકાળવામાં આવી હતી અને શોભા યાત્રા નું ધાનેરા માં ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને તે બાદ શોભાયાત્રા ધાનેરા તાલુકા પંચાયત પાસે બાબા સાહેબ ની પ્રતિમા પાસે પહોંચી સભા માં ફેરવાઈ હતી તે બાદ સમાજ ના અગ્રણીઓ દ્વારા લોકો ને બાબા સાહેબ વિષે વાત કહેવામાં આવી હતી અને બાબા સાહેબ ની પ્રતિમા ને ફૂલ હાર પહેરાવી બાબા સાહેબ જન્મ જયંતિ નીૃ ઉજવણી કરી હતી

# પ્રાંતિજના વદરાડ ખાતે ગેરકાયદેસર રીતે ખેતરમાં પ્રવેશ સામે ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના વદરાડ ખાતે એક વર્ષ અગાઉ ખરીદેલી જમીનમાં આરોપીઓનો હિસ્સો ના હોવા છતાં ગેરકાયદેસર રીતે હિસ્સો મેળવવા અને ફરીયાદીને ખોટી રીતે હેરાન કરી જમીનમાં પ્રવેશ કરી પાક ખેડી નાખવામાં આવતા પાંચ વિરૂધ્ધ પોલિસ ફરીયાદ થઈ.

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના વદરાડ ખાતે છેલ્લાં એક વર્ષથી દિનેશભાઈ વરવાભાઈ પટેલ દ્વારા સર્વેનંબર ૭૬૧માંચાલતાંહોઈ અને ફરીયાદી એ ૭૬૧ પૈકી જમીન ખરીદે હોય તે જમીનમાં આરોપીઓનો હક્ક કે હિસ્સો નહી હોવા છતાં ગેરકાયદેસર રીતે જમીનનો કબજો લેવા થતું આરોપીઓ અલગ-અલગ રીતે ફરીયાદી ની જમીનમાં માલિકી ની જમીનમાં અવર નવાર ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી ફરીયાદીના પાકને નુકશાન કરી ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ફરીયાદી દિનેશભાઈ વરવાભાઈ પટેલ રહે. વદરાડ દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ઉદાજી કોહ્યાજી મકવાણા, કલ્યાણજી કોહ્યાજી મકવાણા, સોમાજી કોહ્યાજી મકવાણા, કાળાજી કોહ્યાજી મકવાણા, જગાજી કોહ્યાજી મકવાણા તમામે તમામ રહે. વદરાડ વિરૂધ્ધ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલિસે આઈપીસી કલમ- ૪૪૭, ૪૨૭, ૫૦૬ ૨ વિરૂધ્ધ ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પીપળીયાની પરણીતાને ઉઠાવી જઈ બળાત્કાર કરાતા બે સામે ફરીયાદ

**માળી ગામના બે શખ્સો મહિલાને ધનસુરા, વડોદરા અને રાજકોટ લઈ ગયા હતા**

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર તાલુકાના પીપળીયા ગામની એક પરણીત મહિલાને એકાદ માસ અગાઉ માળી ગામના બે શખ્સો તેના ભાઈને અકસ્માત થયો છે તેમ કહી માળી ગામની સીમમાં લઈ જઈ તેણીને ધનસુરા, વડોદરા અને રાજકોટ લાવ્યા બાદ તેણીની મરજી વિરૂદ્ધ કૃત્ય કરી બળાત્કાર ગુજારતા આ મહિલાએ બંને જણા વિરૂદ્ધ શુક્રવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે પીપળીયા ગામની બળાત્કારનો ભોગ બનેલ મહિલાએ ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ માળી ગામના જીતેન્દ્રસિંહ વીનુસિંહ ખાંટ અને વિજયસિંહ મગનસિંહ ચૌહાણ ગત તા. ૨૦ માર્ચ ૨૦૧૮થી તા. ૬ એપ્રિલ દરમિયાન આ મહિલાને માળી ગામના નાળીયામાં લઈ જઈ કહ્યું હતું કે તારા ભાઈ પીન્ટુને અદાપુર નજીક અકસ્માત થયો છે તેમ કહી તેણીને બાઈક પર બેસાડી અદાપુર થઈને ધનસુરા લઈ જવાઈ હતી.

ત્યારબાદ આ બંને શખ્સોએ મહિલા સાથે કૃત્ય આચરી વડોદરા નજીકના એક ગામમાં રૂમમાં ચારેક દિવસ ગોંધી રાખી હતી અને ત્યાં પણ બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાનો ફરીયાદમાં આક્ષેપ કરાયો છે એટલુ જ નહી પણ આ બંને હવસખોરોએ મહિલાને રાજકોટ પાસેના પીપળીયા ગામે આવેલ એક રૂમમાં દસ દિવસથી વધુ ગોંધી રાખી બળાત્કાર કરી એવી ધમકી આપી હતી કે જો તુ મારી સાથે નહી આવે તો તને તારા માતા-પિતા તથા પતિને જાનથી મારી નાખીશુ તેમ છતા બળાત્કારનો ભોગ બનેલી આ મહિલાએ હિંમત દાખવીને માળી ગામના બંને હવસખોરો વિરૂદ્ધ શુક્રવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# કાંકરેજ તાલુકામાં ડૉ. બાબાસાહેબની ૧૨૭મી જન્મ જયંતી નિમિત્તે રેલી યોજાઈ

કાંકરેજ, તા. ૧૫

કાંકરેજ તાલુકામાં બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મ જયંતી નિમિત્તે આગેવાનો રેલીમાં જોડાયા હતા. જે પાટણ-શિહોરી નાળાથી ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મ જયંતીની રેલી બાબાસાહેબ આંબેડકરનો શ્રદ્ધાંજલી આપી હતી. જેમાં એક બાળા દ્વારા બાબાસાહેબના જીવન ચરિત્ર વિશે માહિતી આપી હતી.



રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાંકરેજ ધારાસભ્ય કિર્તિસિંહ વાઘેલા, ભારતસિંહ ભટેસરીયા, વધીલાલ મકવાણા (તા.પં. પ્રમુખ કાંકરેજ), ડી.ડી. જાલેરા (કોંગ્રેસ અગ્રણી), દિનેશ ઠક્કર (પ્રમુખ કોંગ્રેસ કાંકરેજ), મહેશભાઈ મકવાણા (એડવોકેટ ઓફ નોટરી), પ્રવિણ બુકોલીયા, કમાભાઈ ડાભાણી (આકોલી), હેમાભાઈ વાઘેલા (પ્રમુખ દલીત સમાજ) કરશનાઈ (માનપુર), સાંકળભાઈ, ડૉ. ડી.એન. પરમાર, પુરણસિંહ વાઘેલા સહિત કોંગ્રેસ-ભાજપના પદાધિકારીઓ અને દલિત સમાજની મોટી સંખ્યામાં નીકળી મેઈન બજાર થઈ તાલુકા પંચાયત પરિષરમાં પહોંચી હતી. જય ભીમ અને બાબાસાહેબ તુમ અમર રહોના નારાથી સમગ્ર શિહોરી ગુંજી ઉઠ્યુ હતુ. રેલી સભામાં ફેરવાઈ હતી. જ્યાં મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. અને તાલુકા વિકાસ અધિકારી અનિલ ત્રિવેદી તથા ના.મા. બી.એસ. સોલંકી સહિત સ્ટાફ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યો હતો. જેમાં દલીત સમાજ દ્વારા મહેમાનોને ફૂલહારથી સન્માનીત કર્યા હતા અને ધારાસભ્ય કાંકરેજ કિર્તીસિંહ વાઘેલા દ્વારા ડૉ. જેથી સ્ટેજ ઉપર બીરાજમાન મહાનુભાવોએ અધિકારીને રોકડ ઈનામ આપી સન્માનીત કરી હતી. અને કાર્યક્રમ ટુંકમાં આટોપી લેવાયો હતો. શિહોરીમાં એક દલીત યુવાનનું હૃદયરોગના હુમલાથી મોત થતા મહાનુભાવો દ્વારા શ્રદ્ધાંજલી આપી પાંચ મિનિટ મૌન પાળી મૃતકના આત્માને શાંતિ માટે પ્રભુ પાસે પ્રાર્થના કરી હતી. જોકે યુવાનનું મોત વહેલા સવારે દૂધ ભરાવવા ગયો ત્યારે થયુ હોવાનું બહાર આવ્યુ હતુ. આમ શિહોરીમાં ૧૨૭મી બાબાસાહેબની જન્મ જયંતીની ઉજવણી કરાઈ હતી.

# મહેસાણા જિલ્લામાં ગ્રામ સ્વરાજ અભિયાનની ઉજવણીનો પ્રારંભ

મહેસાણા, તા. ૧૫

મહેસાણા જિલ્લામાં ગ્રામ સ્વરાજ અભિયાનની ઉજવણીનો



પ્રારંભ સતલાસણા તાલુકાના ઉમરેચા ગામથી કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત ડૉ. બાબાસાહેબની ૧૨૭મી જન્મ જયંતિના પગલે આજે જિલ્લામાં સામાજિક ન્યાય અધિકારીતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ તા.૧૪મી એપ્રિલ, ૨૦૧૮ થી તા. ૫મી મે, ૨૦૧૮ સુધી ગ્રામ સ્વરાજ અભિયાનની ઉજવણી કરવામાં આવનાર છે. આ ઉજવણી અંતર્ગત સમગ્ર રાજયની સાથે મહેસાણા જિલ્લામાં પણ ગ્રામ સ્વરાજ અભિયાનની ઉજવણીનો પ્રારંભ જિલ્લા કલેકટર એચ.કે. પટેલ દ્વારા કરાવ્યો હતો.

ગ્રામ સ્વરાજ અભિયાન આ કાર્યક્રમ અંતર્ગત દેશના ૫૩૦ જિલ્લાઓના ૨૧,૫૦૮ ગામોની પસંદગી કરવામાં આવી છે.જેમાં રાજયના ૯૬ ગામો પૈકી મહેસાણા જિલ્લામાં ઉમરેચા ગામનો સમાવેશ કરાયો છે.

ઉમરેચા ખાતે યોજાયેલ કાર્યક્રમાં બાળતુલા કાર્યક્મ યોજાયો હતો જેનું નિરીક્ષણ જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી અને નિવાસી અધિક કલેકટર દ્વારા કરાયું હતું. જિલ્લા કલેકટર દ્વારા વિવિધ સુચનો કરાયા હતા ઉમરેચા ગામની પ્રાથમિક શાળાના બાળકો દ્વારા ક્વીઝ સ્પર્ધા યોજાઈત હતી.

ગ્રામ સ્વરાજ અભિયાનના આયોજીત કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટર રમેશ મેરજા, જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ, સરપંચ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજના જુના બાકરપુર ખાતે જયોતિ રથનું ભવ્ય સ્વાગત થયું

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાનાં જુના બાકલપુર ગામે શ્રી ઉમીયા પરિવાર હિંમતનગરથી નિકળેલ જયોતિરથનું આગમન થતાં ગામલોકોએ ભવ્ય સ્વાગત કર્યું. શ્રી ઉમીયા પરિવાર હિંમતનગર દ્વારા સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાનાં સંયુકત પ્રયાસો દ્વારા શ્રી ઉમીયા માતાજીનાં જયોતિરથનુ પરિભ્રમણ છેલ્લાં ૭૮ દિવસથી અરવલ્લી તેમજ સાબરકાંઠા ના વિવિધ ગામોમાં થઈ રહ્યું છે માતાજીના આ ભવ્ય જયોત રથનું આગમન તા.૧૫ મી એપ્રિલના રોજ પ્રાંતિજ ના જુના બાકરપુર ગામે થતાં સમસ્ત ગામના લોકો ભકિતના હિળોળે ચડતાં ગામનું વાતાવરણ ભકિતમય બની ગયું હતું ગામના પાદરે પાટીદાર સમાજની બાલીકાઓએ માથે કળશ અને શ્રીફળ સાથે માતાજીના રથનું ભવ્ય સ્વાગત કર્યું હતું જેમાં પાટીદાર સમાજના આગેવાનો કાર્ય કરતા સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં અને સ્વાગત કરી જયોત ની આરતી ધન્યતા અનુભવી હતી.

## વિદ્યાર્થીઓને વિશ્વ કક્ષાનું સાયન્સ ટેકનોલોજી એજ્યુકેશન ઘર આંગણે પૂરું પાડવાનો રાજ્ય સરકારનો અભિગમ

અમદાવાદ, તા. ૧૫

રાજયના વિદ્યાર્થીઓને વિશ્વકક્ષાનું સાયન્સ ટેક્નોલોજી શિક્ષણ ઘર આંગણે જ "જુવો અને શીખો"ના અભિગમથી પૂરું પાડવા ગુજરાતમાં ૪ રિજિયોનલ સાયન્સ સેન્ટર કુલ ૩૦૭ કરોડના ખર્ચે ભાવનગર, રાજકોટ, પાટણ અને ભુજમાં બનવાના છે. ભાવનગર, પાટણના આવા કેન્દ્રો નિર્માણાધિન છે. ભુજની કામગીરી આવનારા દિવસોમાં હાથ ધરાશે.

આ સાયન્સ સેન્ટરમાં વિજ્ઞાન રસિક વિદ્યાર્થીઓ તેમજ વિજ્ઞાનમાં અભિરુચિ ધરાવનારા લોકો માટે ઈન્ટરેક્ટિવ પ્રવૃતિઓ, વિવિધ મોડેલ્સ અને ફિલ્ડ ટ્રિપ્સ દ્વારા અસરકારક વિજ્ઞાન શિક્ષણની સુવિધાઓ ઉપલબ્ધ કરાવામાં આવશે.

રાજકોટના રિજિયોનલ સાયન્સ સેન્ટરમાં ગ્લાસ અને સીરામીક, લાઈફ સાયન્સ, મશીન એન્જીનીયરીંગ, રોબોટિક અને નોબેલ પ્રાઈઝ સહિતની ગેલેરી રાખવામાં આવશે. મુખ્યમંત્રી આ સાથે જ સમાજ, ઉદ્યોગો, કૃષિ બાગાયત, શિક્ષણ જેવા બહુવિધ ક્ષેત્રોની જરૂરિયાતો પૂર્ણ કરવા વિજ્ઞાન ટેકનોલોજી નવીનીકરણ આધારિત સહાય અને સ્વંનિર્ભરતા માટે સાયન્સ ટેકનોલોજી એન્ડ ઈનોવેશન પોલિસી ૨૦૧૮-૨૦૨૩નું પણ લોન્ચિંગ કરવાના છે.